એસ.ટી. ડેપોના ઈન-આઉટ ગેટ પાસેનો માર્ગ બિસ્માર



# શહેરમાં મંગળવાર સુધી ગરબા રમાશે

## શરદપૂર્ણિમા સુધી નગરમાં અનેક ઠેકાણે રાસ ગરાબના આયોજનો : સેકટરોમાં અને ગુડા વિસ્તારની સોસાયટીઓમાં પણ શરદપૂનમના ગરબા યોજાશે

ગાંધીનગર, તા.૨૪

શરદપૂનમની રાતડી, વાટ જુએ છે મારી આંખડી..., ગાંધીનગરમાં હજુ પણ નવરાત્રીનો માહોલ છવાયેલો છે. નગરમાં હજુ પણ ઠેર ઠેર ગરબાના આયોજન કરાયા છે. આગામી શરદપૂર્ણિમાએ લગભગ તમામ સેકટરો અને સોસાયટીઓ સહિત અન્ય ગરબા આયોજકો દ્વારા રાસ-ગરબાના આયોજનો હાથ ધરાયા છે.

નવરાત્રી ગાંધીનગરનો સાચા અર્થમાં લોક તહેવાર બની નગરની ઓળખ બની ચુકયો છે. નવરાત્રી પર્વ દરમિયાન નગરના અબાલવૃધ્ધ સૌ કોઈ મા જગદંબાની આરાધનામાં મન મુકીને ગરબે ઘુમ્યા હતા. જો કે નવરાત્રી પૂર્ણ થયા પછી હજુ પણ નગરમાં ઢોલ ઢબુકી રહ્યાં છે. સામાન્ય સંજોગોમાં નવરાત્રી પછી શરદપૂનમની રાત્રે રાસ ગરબાનું આયોજન કરવામાં આવે છે પરંતુ આ વર્ષે ઘણી સંસ્થાઓ દ્વારા રજાઓના પગલે આગોતરા આયોજનો હાથ ધરાતા આજે શનિવારે પણ ગાંધીનગરમાં અનેક જગ્યાએ રાસ ગરબા યોજાયા હતા. આજે સે-૧૬માં બ્રહ્મ સમાજભવન ખાતે બ્રહ્મસમાજના યુવા પરીવાર દ્વારા ગરબાનું આયોજન કરાયું હતું. સે-૯માં સેંટ ઝેવિયર્સ સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંગઠન ટેક્ષા-જી દ્વારા ગરબા મહોત્સવ 'રઢિયાળી રાત' આયોજિત કરાયો હતો જયારે ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે શરદપૂર્ણિમાની આગોતરી ઉજવણી કરાતા ગરબાના કાર્યક્રમનું આયોજન કરાયું હતું.



તિથી મુજબ શરદપૂર્ણિમા તા. ૨૬મી ઓકટોબર સોમવારે છે પરંતુ નગરમાં લગભગ મંગળવાર સુધી રાસ ગરબાના વિવિધ કાર્યક્રમો આયજિત કરાયેલા છે. જો કે બે તિથિનું સંમિશ્રણ થતું હોવાથી શરદપૂનમ સોમવારે ઉજવવી કે મંગળવારે તે અંગે પણ નગરજનો અવઢવમાં છે. આ પરિસ્થિતિમાં શરદપૂર્ણિમાના ગરબા આયોજકોએ પોતાને જે અનુકુળ આવે તે રીતે દિવસ પસંદ કરી આયોજન કરવાનું મુનાસીબ માન્યું છે. રાજપૂત સાંસ્કૃતિક ફોરમ દ્વારા સોમવારે સે-૧૨માં રાજપૂત સમાજ ભવન ખાતે શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.મંગળવારે કડવા પાટીદાર સમાજ દ્વારા સે-૧૨ના પાટીદાર સમાજ ભવન ખાતે સમાજના સભ્યો માટે રાસ ગરબાનું આયોજન કરાયું છે. આ ઉપરાંત સે-૧૧માં કેપિટલ ક્રિએટીવ કલબ દ્વારા શેરી ગરબા આયોજકોના સન્માનના કાર્યક્રમ સાથે રાસ ગરબાનું આયોજન હાથ ધરાયું છે. રાયસણ વિસ્તારમાં પીડીપીયુ નજીક જહાનવી ફાર્મ ખાતે દવે ઈવેન્ટ નામની સંસ્થા દ્વારા પણ મંગળવારે શરદપૂનમના ગરબા યોજવામાં આવ્યા છે.

આ સાથે તમામ સેકટરોમાં યોજાતા શેરી ગરબા અને ગુડા વિસ્તારની સોસાયટીઓમાં પણ શરદપૂનમ નિમિત્તે કેટલાકે સોમવારે તો કેટલાકે મંગળવારે રાસ ગરબાનું આયોજન કર્યું છે. આ સ્થિતિમાં નગરમાં નવરાત્રી પૂર્ણ થવા છતાં હજુ મંગળવાર સુધી ઢોલ ઢબૂકતા રહેશે અને ખેલૈયાઓ ગરબે ઘુમતા રહેશે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## @ગાંધીનગર

● 'આસ્વાદ' પુસ્તકનું વિમોચન ધોળેશ્વર મહાદેવ મંદિરના મહંતના હસ્તે સવારે ૯.૩૦ કલાકે હોટલ ફોર્ચ્યુન ઈન હવેલી સેકટર-૧૧ ખાતે કરવામાં આવશે.

● આર.કે. પટેલ જીઈબી કોલોની બ્લોક નં. ઈ ૮/૫ નિવાસ સ્થાને બપોરે ૧ થી સાંજના ૭ વાગ્યા સુધી દત્ત બાવની પાઠ યોજાશે.

● રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા સેકટર-૨૨ ફિઝીયોથેરાપી સેન્ટર ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન મફત રોગ નિદાન કેમ્પ યોજાશે.

● જય ગોગા સિકોતર ધામ બાલવા ખાતે સહસ્ત્ર ચંડી મહાયજ્ઞનો પ્રારંભ સવારે ૯-૦૦ કલાકે થશે.

- નજાહખાનમ સૈયદ

## પેથાપુર મહાકાલેશ્વર મંદિરેથી શોભાયાત્રા નીકળશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર ગામે આવેલા સુખડેશ્વર મહાદેવ ધામે આગામી તા. ૨૧ નવેમ્બરે રોજ અતિ મહારૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞ નિમિત્તે પેથાપુરના મહાકાલેશ્વર મહાદેવ મંદિરે (ચરેડી)થી તા. ૨૬-૧૦-૧૫ને સોમવારના રોજ સવારે ૮-૦૦ કલાકે ધર્મ ધજાની શોભાયાત્રા ભવ્યાતિભવ્ય નિકળશે. આ શોભાયાત્રા ગામના વિવિધ માર્ગો પરથી પસાર થઈ બપોરે ૧૨.૩૯ કલાકે સુખડેશ્વર મહાદેવ મંદિરે પહોંચી યજ્ઞ સ્થળે ધજા ચઢાવાશે. આ શોભાયાત્રામાં ભાવિ ભકતોને જોડાવવા તેમજ દર્શનનો લાભ લેવા જણાવાયું છે.

## કુડાસણ સ્થિત મકાનમાંથી બે લેપટોપ, બે મોબાઈલની ચોરી

### લેપટોપ, મોબાઈલ અને રોકડ ભરેલું પાકીટ મળી રૂ. ૫૦ હજારની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૪

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે સ્થિત વૃન્દાવન એપાર્ટમેન્ટના મકાન નં. ૨૦૧માં રહેતા ઋજવેલ્ટ રમેશભાઈ ક્રિશ્ચિયનના મકાનમાં ઘુસીને ગઈ કાલે સવારે સાડા આઠ વાગ્યાના અરસામાં કોઈ શખ્સ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. મકાનમાંથી બે લેપટોપ, બે મોબાઈલ અને રોકડ રૂ. ૩૫૦૦ ભરેલું પાકીટ મળી કુલરૂ. ૫૦,૫૦૦ની કિંમતની મત્તાની ચોરી કરી કોઈ અજાણ્યો શખ્સ ફરાર થઈ ગયો હતો. ઈન્ફોસીટી પોલીસે ઋજવેલ્ટ ક્રિશ્ચિયનની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

## એસટી ડેપોના ઈન-આઉટ ગેટ પાસેનો માર્ગ બિસ્માર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના એસ.ટી. ડેપોના આઉટગેટ પાસે માર્ગ અત્યંત ખરાબ હાલતમાં છે. આ માર્ગ પર ખાડા પડી ગયા હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. તંત્ર દ્વારા આ માર્ગનું જલ્દી નિરાકરણ લાવવામાં આવે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

શહેરમાં એસટી ડેપો અદ્યતન બનાવવામાં આવ્યો છે. ડેપોમાંથી હજ્જારો મુસાફરો આવન-જાવન કરે છે. ડેપોમાં બસ તેમજ મુસાફરોને મુકવા માટે નગરજનો ખાનગી વાહનો લઈ આવન-જાવન કરે છે. બસ સ્ટેન્ડનો અંદરનો માર્ગ તો ચકાચક છે



પરંતુ એસટી ડેપોના પ્રવેશદ્વાર ઈન-આઉટ ગેટ પાસે માર્ગની સ્થિતિ કથળી છે. બસ, બાઈક તેમજ કાર અહીંથી પસાર થતાં જ ધડામ દઈને પછડાય છે. આ માર્ગને કારણે મુસાફરોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. જ્યારે ચાલતા ચાલતા મુસાફરો એસ.ટી. સ્ટેન્ડમાં પ્રવેશ કરતા હોય છે. ત્યારે નજર ન હોય તો ખાડામાં પગ પડતાં જ મુસાફરો પડી જવાના બનાવ પણ સામે આવ્યા છે. જ્યારે આ માર્ગ પરથી પસાર થઈને બસો પણ નગરની ખખડી ગઈ છે. બિસ્માર માર્ગને કારણે પણ અવાર-નવાર અકસ્માતો સર્જાય છે. તંત્ર દ્વારા ત્વીરત આ માર્ગનું સમારકામ કરવામાં આવે તેવું મુસાફરો તેમજ નગરજનો ઈચ્છી રહ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## વાતવાતમાં

● રવિવારે અગિયારસ હોવાથી નગરમાં અનેક ઠેકાણે નવચંડી યજ્ઞના આયોજનો કરાયા છે. રજાના દિવસે નગરજનો ધાર્મિક લાભ સાથે ભોજન સમારંભનો આનંદ પણ ઉઠાવશે.

● મોહરમ નિમિત્તે શહેરમાં તાજિયા ઝુલુસ નીકળ્યા હતા જેમાં હેરત અંગેજ કરતબો જોઈ નગરજનો દંગ રહી જવા પામ્યા હતા. તાજિયાના ઝુલુસમાં પણ ડીજેના તાલ અને સેલ્ફીનો ક્રેઝ છવાયેલો જોવા મળ્યો હતો. મુસ્લિમ બિરાદરો દ્વારા ચ-૫ અને ઘ-૫ સર્કલે દૂધ કોલ્ડ્રીંકસ વગેરેની વ્યવસ્થા કરાઈ હતી.

● ઝેવિયર્સ સ્કુલમાં ટેક્ષા-જી દ્વારા આયોજિત ગરબામાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પરિવાર સાથે સામેલ થયા હતા. જુના મિત્રો સાથે ગરબા રમતા તેમણે ભૂતકાળની યાદોને પણ વાગોળી હતી.

● નગરમાં શિયાળાના આગમનની છડીઓ પોકારાવા લાગી છે. શનિવારે સાંજે અંધારું વહેલુ થઈ ગયું હોવાનો નગરજનોને અહેસાસ થયો હતો.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## આવતીકાલે રાજપૂત સાંસ્કૃતિક ફોરમનો શરદોત્સવ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના રાજપૂત સાંસ્કૃતિક ફોરમ દ્વારા તા. ૨૬મી ઓકટોબર સોમવારે સાંજે ૯ કલાક દરમિયાન રાજપૂત-શરદોત્સવ ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ શરદોત્સવ સે-૧૨માં રાજપૂત સમાજ ભવન ખાતે યોજાશે. આ કાર્યક્રમના પ્રથમ ચરણમાં માતાજીના ગરબા યોજાશે. ત્યારબાદ રાસ પણ યોજવામાં આવશે. આ કાર્યક્રમનો પ્રારંભ ૬.૦૦ કલાકે સભ્યોના પરીવાર સાથેના સમૂહ ભોજનથી કરાશે ત્યાર બાદ ૮.૩૦ કલાકે માતાજીની આરતી યોજાશે. આરતી બાદ સ્વાગત સન્માન કાર્યક્રમ યોજાશે અને પછી રાસ ગરબા ચાલુ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાતી ફિલ્મના અભિનેતા અને જાણીતા લોકગાયક શિવસિંહ વાઘેલા તથા લોકસાહિત્યકાર પ્રભાબેન રબારી તેમની કલાના ઓજસ પાથરશે.

# ગાંધીનગર હોર્ડીંગ્સ નગરી બનવા જઈ રહ્યું છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરની એક નવી ઓળખ હોર્ડીંગ્સનગરી તરીકે પ્રસ્થાપિત થવા જઈ રહી છે. શહેરના સુંદર રળિયામણા લાગતા સર્કલો પર અત્યારે હાલના સમયે હોર્ડીંગ્સના તોરણો સર્જાયા છે. હોર્ડીંગ્સ બેનરો લગાવતા લોકો હવે સેક્ટરના આંતરીક માર્ગ પર પણ બેનરો લગાવતા અચકાતા નથી. શહેરના માર્ગો પર ચીપકેલા હોર્ડીંગ્સના લીધે નગરી જાણે હોર્ડીંગ્સ નગરી લાગી રહી છે.







હોર્ડીંગ્સના લીધે નગરી જાણે શહેરને સુંદર બનાવવા તંત્ર દ્વારા માર્ગો પર એક એક કિલોમીટરના અંતરે સર્કલોની રચના કરવામાં આવી છે. સર્કલોની પણ આગવી ઓળખ આપવામાં આવી છે. તંત્ર દ્વારા સર્કલોની જાળવણી કરવામાં આવે છે. જેને પરિણામે શહેરના ઘ-૨, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ચ-૦, ૨, ૩, ૫ સહિત નગરના અન્ય માર્ગો અને સેક્ટરો હોર્ડીંગ્સ લગાવવા માટે હોટ ફેવરીટ છે. આ સ્થળો પરથી રોજના લાખો લોકોની અવર-જવર રહે છે. પોતાની પ્રસિદ્ધિ માટે તંત્રના નિયમોની ઐસી તૈસી કરી બેનરો હોર્ડીંગ્સ લગાવી દેવામાં આવે છે. તહેવારોની પરંપરા શરૂ થઈ છે. ત્યારે હોર્ડીંગ્સના તોરણો માર્ગો પર નગરજનોને દશ્યમાન થાય છે. શહેરના સર્કલો પર એક-બે નહીં પરંતુ ચારે તરફ અઢળક બેનરો નજરે પડે છે. બેનરો જોઈ નગરજનોમાં ચર્ચા શરૂ થઈ છે કે ગાંધીનગરને હોર્ડીંગ્સનગરીનું બિરૂદ મળે તો નવાઈ નહીં.

(તસવીર : કશ્યપ નિમાવત)

## સે-૩માં ઘર આંગણે પાર્ક થયેલા બાઈકમાંથી ટાયરની ચોરી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૩-ડી પ્લોટ નં. ૧૦૪૨/૨ ખાતે રહેતા જયેશકુમાર બાબુભાઈ પટેલે ગઈ રાત્રે પોતાના ઘર આંગણે બાઈક પાર્ક કર્યું હતું. ત્યારે બાઈક નં. જીજે ૧૮ સીજે ૬૬૪૫નું આગળનું ટાયર રાત્રીના એકથી સાડા ત્રણ વાગ્યાના અરસામાં કોઈ ચોરી કરી ભાગી ગયું હતું. રૂ.૫ હજારની કિંમતના ટાયર ચોરી અંગે સેકટર-૭ પોલીસે બાઈક માલિકની ફરિયાદને આધારે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

### દુઃખદ અવસાન

ઘોઘારી વિશ્રા શ્રીમાળી જૈન સમાજના ચિતલ નિવાસી હાલ ગાંધીનગરના જીતેન્દ્રકુમાર કેશવલાલ મહેતા (ઉ.વ. ૬૦)નું તા. ૨૧મી ઓકટોબરના રોજ દુઃખદ નિધન થવા પામ્યું છે.

## આજે જય ગોગા સિકોતર ધામ બાલવા ખાતે સહસ્ત્ર ચંડી મહાયજ્ઞનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના બાલવા ગામે આવેલા જય ગોગા સિકોતર ધામ ખાતે ત્રિદિવસીય સહસ્ત્ર ચંડી મહાયજ્ઞનું આયોજન તા. ૨૫-૧૦-૧૫ને રવિવારના રોજ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભકતો ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર નજીક આવેલા બાલવા ગામે સૌ ગ્રામજનોના સાથ સહકારથી જયગોગા સિકોતર ધામ ખાતે સહસ્ત્ર ચંડી મહાયજ્ઞના આયોજનના પ્રથમ દિવસે તા. ૨૫-૧૦-૨૦૧૫ના રોજ સવારે ૯.૧૫ કલાકે દિપ પ્રાગટય, પંચાગ કર્મ સવારે ૧૦.૧૫ કલાકે, યજ્ઞ મંડપ પ્રવેશ તેમજ ઉદઘાટન સવારે ૧૧.૧૫ કલાકે ત્યારબાદ અગ્નિ પ્રાગટય, ગ્રહપૂજા, મહાપૂજા, સાયંપૂજા તેમજ આરતી આનંદદાયી. બીજા દિવસે પ્રાતઃ પૂજાયજ્ઞ પ્રારંભ સવારે ૯.૧૫ કલાકે, સાયં આરતી સાંજે ૬ કલાકે જયારે રાત્રે ૮.૩૦ કલાકે જય સોમનાથ મ્યુઝીકલ ગ્રુપના નિકુલ બારોટ રાસ ગરબાની જમાવટ કરશે. જયારે ત્રીજા દિવસે તા. ૨૭-૧૦-૧૫ને મંગળવારના રોજ પ્રાંતપૂજા યજ્ઞ પ્રારંભ સવારે ૯.૧૫ કલાકે, યજ્ઞ પૂર્ણાહુતી તથા મહા આરતી બપોરે ૧૨.૩૯ કલાકે યોજાશે. યજ્ઞના દર્શનાર્થે આવેલા ભાવિ ભકતો માટે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞના યજમાન ભાટી મહેન્દ્રસિંહ ઈશ્વરસિંહ છે. જયારે યજ્ઞના આચાર્યશાસ્ત્રી નરેશકુમાર ચંદુલાલ ત્રિવેદી તથા શાસ્ત્રી ઉર્વિશ કૌશિકભાઈ ત્રિવેદી છે. જય ગોગા સિકોતર ધામના ભુવાજી રઘુભાઈ દેસાઈ સૌ ભાવિ ભકતોને આશીર્વાદ આપશે. આ ત્રિદિવસીય સહસ્ત્ર ચંડી મહાયજ્ઞમાં દર્શનનો લાભ લેવા ભકતોને જણાવાયું છે.

## મેદરા કેનાલમાં ઝંપલાવી પ્રેમી પંખીડાનો આપઘાત

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક આવેલા મેદરા ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં સવારે પ્રેમી યુગલે પડતું મુકી મોતની છલાંગ લગાવી હતી. કેનાલમાં બંનને પડતા જોનાર બકરા ચરાવતા કિશોરે બુમાબુમ કરી આસપાસના ગ્રામજનોને બોલાવી લીધા હતા. કેનાલ સિકયુરીટી ગાર્ડે કેનાલમાં કુદીને યુવતીનો મૃતદેહ બહાર નિકાળ્યો હતો જો કે યુવકની શોધખોળ બાદ પણ મળી આવ્યો ન હતો. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી યુવકના મૃતદેહની શોધખોળ જારી રાખી છે હજુ ઓળખ પણ થઈ શકી ન હોવાથી તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ આજે સવારના અરસામાં એક કિશોર

**યુવતીનો મૃતદેહ મળ્યો, યુવકની શોધખોળ હજુ જારી**

બકરા ચરાવતો ચરાવતો મેદરા કેનાલ પાસેથી પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન તેની નજર સામે એક યુવક અને એક યુવતી પ્રેમી યુગલ એક સાથે કેનાલમાં કુદ્યા હતાં. તાત્કાલીક કિશોરે કેનાલ સિકયુરીટી ગાર્ડ તથા ગ્રામજનોને બોલાવી લીધા હતા. કેનાલ સિકયુરીટી ગાર્ડે યુવતીનો મૃતદેહ બહાર કાઢયો અને યુવકની શોધખોળ જારી રાખી પરંતુ મોડી સાંજ સુધી મળી આવ્યો ન હતો. ડભોડા પોલીસ મથકની ટીમ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતક યુવતીને પીએમ માટે લઈ જઈ તેણીની ઓળખ માટે દોડધામ શરુ કરી છે તો બીજી તરફ લાપતા યુવકની પણ કેનાલના પાણીમાં શોધખોળ ચાલી રહી છે.

## શરદ પૂર્ણિમાની સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૪

શહેરની જાણીતી સેવાકીય સંસ્થા સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા આગામી તા. ૨૯-૧૦-૧૫ના રોજ સાંજે ૮.૩૦ કલાકે શરદપૂર્ણિમા નિમિત્તે ગરબાનું આયોજન સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમજ વાડી ખાતે કરવામાં આવ્યું છે. આ ગરબાના પાસ તા. ૨૭-૧૦-૧૫ સુધીમાં હરજીવનભાઈ પંચાલ (૨૩૨૨૨૬૮૮) પાસેથી મેળવી શકાશે.

# રાજયમાં પાણી અંગે સાક્ષરતા અભિયાનની જરૂર : રાજેન્દ્રસિંહ

## પાણી સંશોધન ક્ષેત્રે નોબલ પારિતોષિક વિજેતા રાજેન્દ્રસિંહ નગરના મહેમાન બન્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની ઉદગમ સંસ્થાના આમંત્રણને માન આપીને "પાણી માટે નોબેલ પારિતોષિક" તરીકે ઓળખાતા પુરસ્કાર સ્ટોકહોમ વોટર પ્રાઈઝ ૨૦૧૫ના વિજેતા અને ભારતના પાણી પુરુષ રાજેન્દ્રસિંહએ ગુજરાતમાં પાણી સાક્ષરતા અભિયાનના સંદર્ભે વિચારશીલ લોકો સાથે વ્યક્તિગત ચર્ચા અને પાણી માટે આવનાર ભવિષ્યના પડકારોને પહોંચી વળવા માટે ગાંધીનગર પધાર્યા હતા. તેમને ૨૦૦૧માં સામુદાયિક નેતૃત્વ માટે રોમન મેગ્સેસે એવોર્ડથી પણ નવાજવામાં આવ્યા છે.

ઉદગમના ટ્રસ્ટી ધ્રુવભાઈ જોશીએ રાજેન્દ્રસિંહનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ રાજેન્દ્રસિંહએ પોતાની પાણીદાર સંઘર્ષ અને સફળતાની વાત કરતા જણાવ્યું કે ૧૯૮૫માં કરેલ આ કામને કારણે અત્યાર સુધીમાં ૧૨૦૦ ગામના પાણી, ૭ નદીઓના પાણી પ્રસ્થાપિત કર્યા છે. તેઓએ ગુજરાતના સંદર્ભમાં ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ઔધોગિક વિકાસના કારણે ગુજરાતનું પાણી ખુબજ પ્રદુષિત થઈ ગયું છે. તેથી ગુજરાત માટે એક સહુથી મોટી ચેલેન્જ છે. ગુજરાતના લોકો આ વિષયમાં જો કંઈ નહિ કરે તો ત્રીજા વિશ્વયુદ્ધનું સહુથી મોટું શિકાર હશે. તેના માટે આપને સહુએ સાથે માંડીને ગુજરાતમાં પાણી સાક્ષરતા





અભિયાન ચલાવાની ખુબ જરૂરિયાત છે. તેઓએ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલને નદીઓ માટે એક નીતિનો ડ્રાફ્ટ પણ બનાવીને આપેલ છે. ગુજરાતમાં ૬ એગ્રોઈકોનોમીકલ કલાઈમેટ ઝોન છે, જેમાં ૬૦૦ મીમી થી લઈને ૨૨૦૦ મીમી વરસાદ પડે છે. વરસાદની બદલતા મોસમચક્રની ખેડૂતોને જણાવવાની જરૂરીયાત છે. જેથી તેઓના પાક બચાવી શકાય. રાજેન્દ્રસિંહએ ઉદગમના કાર્યોની સરાહના કરતા ઉદગમ સાથે લોકોને જલસરંક્ષણ માટે પાણી સાક્ષરતા અભિયાનમાં જોડાવાની અપીલ કરી હતી. પાણી સાક્ષરતા અભિયાન વિષયે તેઓએ ઉદગમના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોશીને કહ્યું હતું કે તેઓએ શાળા અને કોલેજના યુવાનોને અને ગુજરાતની જુદી જુદી સંસ્થાઓને લઈને ગુજરાત રાજ્યમાં પાણી સાક્ષરતા અભિયાન શરુ કરવાની હિમાયત કરીને મુખ્યમંત્રી આનંદીબેન પટેલને મળવાની વાત કરી હતી જેને ડૉ.મયુર જોશીએ સહર્ષ સ્વીકારી હતી અને ઉદગમ પાણી સાક્ષરતા અભિયાન સમગ્ર ગુજરાતમાં લોકોને જાગ્રત કરવાનું અને પાણીદાર બનવાનું ભગીરથ કાર્ય હાથ ધરશે એમ જણાવ્યું હતું સાથોસાથ ઉદગમના સામાજિક કાર્યોની માહિતી આપી હતી.

કાર્યક્રમના અંતમાં પાણી પુરુષ રાજેન્દ્રસિંહને ઉદગમના ધ્રુવભાઈ જોશી, ગેઝીઆના પ્રમુખ એચ.એમ. પટેલ અને નવાયકેના રજનીકાંત સુથારે ઉદગમ વતી ચરખો મોમેન્ટો તરીકે આપ્યો હતો. કાર્યક્રમમાં ઉદગમ વિમેન્સ વિંગના માનદ નિયામક અને લઘુમતી વિકાસ નિગમના ડાયરેક્ટર પરમજીત કૌર છાબડા હાજર રહ્યા હતા. ઉદગમના મેને. ટ્રસ્ટી ડૉ. મયુર જોશીએ સહુનો આભાર માન્યો હતો.

## તબીબી સહાય અંગે પેન્શનરો ભૂલાયા

ગાંધીનગર, તા.૨૪

ઓગષ્ટ-૧૫માં સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે નવા તબીબી સહાયનો પરિપત્ર જાહેર થયેલ છે. જેમાં કર્મચારી-પેન્શનરોને કેન્સર, કીડની, ક્ષય, રકતપિત્ત જેવા ગંભીર રોગો માટે દર મહિને ઉચ્ચક તબીબી સહાય મળતી હોય છે. જે અંગેનો ૨૦૦૭માં પરિપત્ર થયેલ છે. જે પરિપત્રનો સુધારો આ તબીબી સહાયના પરિપત્રમાં થયેલ નથી. ૨૦૦૭ના પરિપત્રમાં પાંચમા પગાર ધોરણ પ્રમાણે તબીબી ભથ્થાનો પરિપત્ર છે. હાલમાં છઠ્ઠા પગાર પંચમાં મળતા પગાર ધોરણો સામે પાંચમા પગારપંચના પગાર ધોરણોનો પરિપત્રનો અમલ શકય નથી તો માસિક ઉચ્ચક તબીબી ભથ્થું આવા જીવલેણ રોગો માટે મળે છે તે સુધારવાનું ભુલાઈ જ ગયુ છે. કર્મચારી મંડળો કે પેન્શનર મંડળોને પણ આ રજુઆત ભુલાઈ ગઈ હોય તેમ જણાય છે. પરિણામે જીવલેણ રોગો સામેનું તબીબી ભથ્થું મળતું નથી તો સત્વરે ૨૦૦૭નો પરિપત્ર સુધારવાની તાકીદે જરૂર છે. વિશેષમાં શ્રી પી.આર. મહેતાની સુધારેલી આવૃત્તિ તબીબી ભથ્થાના પુસ્તકમાં પાન નં. ૫૪ પર આ પરિપત્રની વિગતો છે તો સરકાર સત્વરે ઘટતું કરે તેવી પેન્શનરોની માંગણી છે.

### ચિરવિદાય

● સ્વ. વિનોદચંદ્ર વાડીલાલ શાહ, ઉ.વ. ૫૮